## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગીફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫,

ગીફ્ટ સીટી, ગાંધીનગર- ૩૮૨ ૩૫૫

## જાહેર નિવિદા

### સોલર ટેરિફ ફ્રેમવર્કમાં ડ્રાફ્ટ સુ-મોટુ ઓર્ડર બાબત

આયોગે તા. ૦૮.૦૫.૨૦૨૦ ના ઓર્ડર નંબર ૩/૨૦૨૦ સોલર પાવર પ્રોજેક્ટ્સ માટે ટેરિફ ફ્રેમવર્ક, સામાન્ય સિદ્ધાંતો અને અન્ય બાબતો નક્કી કરેલ છે.

હવે આયોગ ને વિવિધ પક્ષો નીતિ હેઠળ પીપીએ કરવા, પ્લાન્ટના ઉપયોગી સમય ગાળા વિશે સ્પષ્ટતા, તેના પાત્રતા ના માપદંડ અને ક્રોસ સબસિડી સરચાર્જ અને વધારાના સરચાર્જ લાગુ કરવા અંગે ની તકલીફ દૂર કરવા રજૂઆતો મળેલ છે.

આ સંદર્ભે, આયોગ દ્વારા વિતરણ લાઈસન્સ દ્વારા વીજ સંપાદન માટે ટેરિફ ફ્રેમવર્ક અને સોલર એનર્જી પ્રોજેક્ટ્સ અને અન્ય વાણિજ્ય મુદ્દાઓ માટે ઓર્ડર માં સુધારો કરવા માટે ડ્રાફ્ટ સુ-મોટુ ઓર્ડર તૈયાર કરેલ છે. આયોગે પોતાની વેબસાઇટ ઉપર આ ડ્રાફ્ટ સુ-મોટુ ઓર્ડર સ્ટેક હોલ્ડરો પાસેથી સુચનો/વાંધાઓ મેળવવા મૂકેલ છે. (વેબસાઇટ: www.gercin.org).

આથી જાહેર કરવામાં આવે છે કે, જે વ્યક્તિઓ ડ્રાફ્ટ સુ-મોટુ ઓર્ડર સંદર્ભે પોતાના વાંધા / સૂચનો ફાઇલ કરવામાં રસ ધરાવતા હોય તેઓએ પોતાના વાંધા/સુચનો તા. ૧૫/૦૭/૨૦૨૦ કે તે પહેલા જરૂરી દસ્તાવેજો સાથે efiling@gercin.org પર મોકલી આપવા વિનંતિ છે. આયોગ સૂચનો/વાંધાઓ તપાસશે અને ત્યારબાદ કાયદાની યોગ્ય પ્રક્રિયાની અનુસરીને તેને અંતિમ સ્વરૂપ આપશે.

સહી/-
નિયામક
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ગાંધીનગર, ગુજરાત

તા. ૩૦/૦૬/૨૦૨૦.